# અરવલ્લીમાં પ્રધાનમંત્રીના જન્મ દિવસથી સેવા-સમર્પણ કાર્યનો ધોધ વહ્યો

## પ્રથમ દિવસે ૧.૫૦ લાખ વૃક્ષારોપણ, ૭૦૦૦ જરૂરીયાતમંદ તેમજ બાળકોને ભોજન, ૮૮,૦૦૦ લોકોને કોરોના રસીકરણ, ૩૬૧ તાંબાના કળશનું વિતરણ, ૪૦૦ મંદિરમાં મહાઆરતી યોજાઈ

હિંમતનગર, તા. ૧૮

વિકાસ પુરુષ નરેન્દ્રભાઈ મોદીની ૭૧મી વર્ષગાંઠ પ્રસંગે તેમની પ્રતિમાને અનુરૂપ અરવલ્લી જિલ્લા ભાજપા સંગઠન દ્વારા તમામ ગામોને આવરી લઈ સેવા-સમર્પણ કાર્યોનો ધોધ વહ્યો હતો. જિલ્લાના ઈતિહાસમાં એકજ દિવસમાં ૧.૫૦ લાખથી વધુ વૃક્ષારોપણ, ૭૦૦૦ જરૂરીયાતમંદ તેમજ બાળકોને પૌષ્ટિક ભોજન, ૮૮૦૦૦ લોકોને કોરોના રસીકરણ અને જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખના વતન ભેસાવાડામાં ૩૬૧ તાંબાના કળશ વિતરણ અને ગામેગામ સત્યનારાયણ કથા તેમજ સમી સાંજે જિલ્લાના મંદિરોમાં એક સાથે ઘંટારવ મહા આરતીના કાર્યક્રમો યોજાતાં સમગ્ર જિલ્લો મોદીજીના બર્થ ડે મય બન્યો હતો. ગુજરાત પ્રદેશ ભાજપા સંગઠન દ્વારા અરવલ્લી જિલ્લાના સેવાકાર્યોની નોંધ લેવાઈ હતી.



રાજ્યમાં નવા મુખ્યમંત્રી, નવા મંત્રીમંડળે સત્તા સંભાળતા જિલ્લાના નવલોહીયા કાર્યકરોમાં જબરો ઉત્સાહ જોવા મળ્યો છે. ભાજપામાં અદના કાર્યકરની સમય સાથે કદર થાય છે તે ફરી જોવા મળ્યુ. દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૧મા જન્મ દિવસથી તેમની રાજકીય શાસન કારકિર્દી શરૂ થઈ તે તા. ૭ ઓક્ટોબર એટલે સળંગ ૨૦ દિવસ ભાજપા દ્વારા સેવા-સમર્પણ કાર્યક્રમ મોડાસા-બાયડ-ધનસુરા-ભિલોડા-માલપુર-મેઘરજના તમામ ૧૦૮૨ બુથ, ૮ મંડલમાં શરૂ થયા. વિશ્વ વિભૂતિ બનેલા દેશના વડાપ્રધાન લોકોના હૃદય સમ્રાટ બન્યાનું તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ જોવા મળ્યુ. કાર્યકરો, સામાન્ય માનવી, તેમના જન્મ જયંતિના તમામ કાર્યમાં સામેલ થયા. જિલ્લા ભાજપા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલે જિલ્લાના કાર્યકરોએ વડાપ્રધાનના જન્મ દિવસની ઉજવણીમાં સેવા કર્યાની શ્રૃખલા રચી, લાખો લોકોને તેમાં જોડતાં યશસ્વી કામગીરી જોઈ ભાવુક થયા હતા.

**સમર્પણ-સેવા યજ્ઞ અકલ્પનીય બની રહેશે : પ્રમુખ**

દેશના કોઈ નેતાના જન્મ દિવસમાં પક્ષના કાર્યકરો સામેલ થાય તે સામાન્ય બાબત છે પરંતુ ગરીબ મધ્યમવર્ગના લોકો સ્વયં




સામેલ થાય તે વડાપ્રધાનના વિરાટ વ્યક્તિત્વની પ્રતિતિ કરાવે છે તેમ જણાવી અરવલ્લી બાજપા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલે સંમર્પણ-સેવા યજ્ઞ ૨૦ દિવસ ચાલનારો છે તે અકલ્પનીય બની રહેશે. બાયડના જય અંબે મંદબુદ્ધિ આશ્રમની ૧૮૦ મહીલાઓને ભોજનના કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લા ભાજપા સંગઠન પ્રભારી જયશ્રીબેન દેસાઈ, સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલ, બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ પણ સેવાકીય કાર્યક્રમમાં સામેલ થયા હતા. કાર્યક્રમનું આયોજન બાયડ પાલિકાપ્રમુખ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સાવધાન : જિલ્લામાં ઓક્ટોબર-નવેમ્બરમાં કોરોના ત્રીજી લહેરની સંભાવના...

### વેક્સિનેશન એક માત્ર ઉપાય

બાયડ, તા. ૧૮

દેશમાં કોરોના વેક્સીનેશન અભિયાનને સફળ બનાવવાના ભરપૂર પ્રયાસ શરૂ થયા છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સંભવીત ઉજી લહેર ઓક્ટોબર-નવેમ્બરમાં દેખાય તેવી ચેતવણી દેશ સહીત તમામ રાજ્યોને આપવામાં આવી છે.

દેશના અનેક વિસ્તારોમાં કોરોનાના કેર વધી રહ્યા છે. ગુજરાતમાં પણ કેટલાક વિસ્તારોમાં કોરોનાના કેસમાં ઉછાળો આવી રહ્યો છે. વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે સાબરકાંઠા-અરવલ્લીમાં કોરોના વેક્સીનેશન અભિયાન સફળ રહ્યુ પરંતુ રૂટીન દિવસોમાં પણ અભિયાન સફળ રહે તેવા પ્રયાસ કરવા પડશે. બન્ને જિલ્લામાં સરકારી દફતરે પોઝીટીવ કેસ નોંધાતા નથી પરંતુ ખાનગી હોસ્પિટલના આંકડા ચેતવણીરૂપ છે. જિલ્લામાં ગણેશોત્સવ તેમજ અન્ય પ્રસંગોમાં સતત ભીડ વધી રહી છે. લોકો સોશ્યલ ડિસ્ટન્સ, માસ્ક પહેરવાનું ભુલી રહ્યા છે. આ સંજોગોમાં કોરોનાની ઉજી લહેરને કોઈ અટકાવી નહી શકે. જિલ્લાની પ્રજાએ કોરોના વેક્સીન માટે જાગૃત બની પ્રથમ-બીજો ડોઝ લઈ લેવો પડશે અન્યથા કોરોના સંક્રમણની ઉજી લહેર બીજી લહેર કરતા ઘાતક સાબિત થઈ શકે છે.

### ઓછા ખર્ચમાં અદ્યતન સારવાર મળશે

# કપડવંજમાં સુવિધાયુક્ત નવજીવન હોસ્પિટલનો શુભારંભ

### નૌતમ સ્વામીએ હોસ્પિટલનો પ્રારંભ કરાવ્યો

બાયડ, તા. ૧૮

અરવલ્લી જિલ્લામાં દર્દીઓને ઉત્કૃષ્ઠ સેવા આપી નામના મેળવનાર નવજીવન હોસ્પિટલનો ખેડા જિલ્લાના કપડવંજ શહેરમાં શુભારંભ થયો. વડતાલધામ, સત્સંગ મહાસભાના પ્રમુખ નૌતમ પ્રકાશદાસજી સ્વામીએ દિપ પ્રગટાવી હોસ્પિટલ ખુલ્લી મુકી હતી. હોસ્પિટલના ડાયરેક્ટર મિતેષ એમ. પટેલે જણાવ્યું કે ઓછા ખર્ચમાં કપડવંજ-કઠલાલ પંથકના દર્દીઓને અદ્યતન સારવાર મળી રહેશે. હોસ્પિટલના શુભારંભ પ્રસંગે જાણીતા તબીબો, લોક સેવકો, કેમીસ્ટો, વિવિધ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નવજીવન હોસ્પિટલ-પરિવાર દ્વારા કોરોનાના કપરાકાળમાં બાયડ-ધનસુરા પંથકમાં સાચા અર્થમાં માનવતા દાખવી દર્દીઓને સસ્તી



સારવારની સાથે અસંખ્ય દર્દીઓના જીવ બચાવતાં કોરોના વૉરીયર્સ તરીકે સન્માન કરવામાં આવ્યું હતું. નવજીવન હોસ્પિટલ દ્વારા અન્ય વિસ્તારોમાં સુવિધાયુક્ત હોસ્પિટલ શરૂ કરવાના નિર્ધાર સાથે કપડવંજમાં તા. ૧૬ ના રોજ એકજ છત્ર તળે તમામ પ્રકારની મેડીકલ સુવિધા પ્રાપ્ત થાય તે રીતે નવજીવન હોસ્પિટલનો પ્રારંભ થતાં પંથકની પ્રજામાં ખુશાલી છવાઈ છે.

કોરોનાકાળમાં બાયડ ખાતેની નવજીવન હોસ્પિટલમાં દર્દીઓને ઉત્કૃષ્ઠ સારવાર આપનારી હોસ્પિટલનો અન્ય જિલ્લામાં શુભારંભ થતાં સામાજીક આગેવાનોએ ડાયરેક્ટર મિતેષ પટેલ અને તેમના ગૃપના નવીન સાકલને બિરદાવ્યુ હતુ. હોસ્પિટલના શુભારંભ પ્રસંગે ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ, કપડવંજ પાલિકા પ્રમુખ મોનિકાબેન પટેલ, ડૉ. દુર્ગેશ પટેલ, ડૉ. શૈલેન્દ્રસિંહ ગોહીલ, ડૉ. યશ રાજન, ડૉ. રવિન્દ્ર બારોટ, ડૉ. પાર્થ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરડેરી દ્વારા હજારો વૃક્ષ વાવી, હરીયાળા જિલ્લાનો સંકલ્પ : ૩૫ હજારથી વધુ વૃક્ષારોપણનો ઈતિહાસ

બાયડ, તા. ૧૮

રાષ્ટ્રના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૧મા જન્મ દિવસ નિમિત્તે સાબરડેરી દ્વારા જિલ્લાના ૧૪ તાલુકામાં દૂધ મંડળીઓ

દેશના પ્રધાનમંત્રીના જન્મ દિવસનો ઉત્સાહ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારો સુધી સવારથી જોવા મળ્યો. જિલ્લાની અગ્રીમ હરોળની સહકારી સંસ્થા સાબરડેરી દ્વારા

બનાવનાર કદાવર નેતાએ ગુજરાતનું સમગ્ર વિશ્વમાં નામ રોશન કર્યુ છે. તેમના જન્મ દિવસ નિમિત્તે જિલ્લાના લાખો પશુપાલકોએ ખુશી વ્યક્ત કરી દૂધ



મારફતે વૃક્ષારોપણ કાર્યક્રમ તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ યોજાયો. એકજ દિવસમાં ૩૫ હજારથી વધુ વૃક્ષારોપણનો ઈતિહાસ રચાયો છે. પ્રધાનમંત્રીના જન્મદિવસ નિમિત્તે જિલ્લાને હરિયાળો બનાવવાનો સંકલ્પ સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલ, વાઈસ ચેરમેન બ્રિજેશભાઈ પટેલ તથા નિયામક મંડળ દ્વારા વ્યક્ત કરાયો હતો.

તમામ દૂધ મંડળીઓમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યા. નિયામક મંડળના સભ્યોએ ૨ થી ૩ દૂધ મંડળીઓમાં વૃક્ષારોપણ, ફ્રૂટ વિતરણ કાર્યક્રમમાં હાજરી આપી હતી. સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલે જણાવ્યું કે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી આપણા સૌનું ગૌરવ છે. દેશને મહાસત્તા

ઉત્પાદકો સાબરડેરી દ્વારા આયોજીત વૃક્ષારોપણ કાર્યક્રમમાં સહભાગી બન્યાનું જણાવ્યુ હતુ. સાબરડેરીના વાઈસ ચેરમેન બ્રિજેશભાઈ પટેલ, ડીરેક્ટર ભોગીલાલ પટેલ વગેરેએ ખેડબ્રહ્મા, તલોદ-પ્રાંતિજ તાલુકાની દૂધ મંડળીઓમાં વૃક્ષારોપણ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

### મોડાસાની ગોવર્ધન સોસાયટીમાં ભરબપોરે ચોરીની ઘટના

# તસ્કરો બંધ મકાનમાંથી ત્રણ લાખથી વધુની મત્તા ચોરી, ફરાર

મોડાસા તા.૧૮

મોડાસામાં દિવસે દિવસે ચોરીઓનું પ્રમાણ વધી રહ્યું છે. તસ્કરો ધીમે ધીમે સક્રિય થઈ રહ્યા હોય તેમ છેલ્લા કેટલાક દિવસોથી ચોરીઓની ઘટનાઓ પ્રકાશમાં આવતી રહે છે. ત્યારે મોડાસા શહેરમાં ધુનાઈ રોડ ઉપર આવે ગોવર્ધન સોસાયટીમાં દિવસના સમયે તસ્કરોએ બંધ મકાનમાં હાથ અજમાવી ૩૨૬૮૫૦ રૂપિયાની મત્તાની ઉઠાંતરી કરતાં શહેરીજનોમાં ચોરીઓ અંગે ભયનો માહોલ ફેલાયો છે. આ અંગે મળતી વિગતો અનુસાર મોડાસા શહેરના ધુનાઈ રોડ ઉપર આવેલ ગોવર્ધન સોસાયટીમાં રહેતા સ્વીટીબેન પટેલ નાલંદા સોસાયટીમાં કુણાલભાઈ શર્માના ઘરે બેબી સાચવવાનું કામ કરે છે. નિત્યક્રમ મુજબ ગુરુવારે સવારે ૧૦ વાગ્યે તેઓ કામે ગયા હતા. દરમિયાન સાંજે ૭વાગ્યે પરત ફરતાં ઘરના દરવાજાનું તાળું તુટેલું જોવા મળ્યું હતું. ઘરમાં ચોરી થયાનું લાગતાં તેમણે બારીમાંથી તપાસ કરતાં માલસામાન રફેદફે થયેલો જોવા મળ્યો હતો. તસ્કરો તેઓના ઘરમાંથી સોના અને ચાંદીના દાગીના, ચાર હજાર રોકડા મળી ૩૨૬૮૫૦ રૂપિયાની મત્તા ચોરી જતાં મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ઉત્તર ગુજરાતમાં આ વર્ષે નવરાત્રી પર્વને લીધે બજારોમાં તેજીની આશા

### નોરતાં પૂર્વે વેપારીઓ ઉત્સાહનો માહોલ

બાયડ,(બ્યુરો ઓફીસ) તા.૧૮

ગણપતિ મહોત્સવ અને અન્ય તહેવારોની ઉજવણી માટે સરકારે ખાસ ગાઈડલાઈન સાથે મંજૂરી આપી છે.જેથી ઉત્તર ગુજરાતમાં આ વર્ષે નવરાત્રી મહોત્સવની ઉજવણી થવાની શક્યતાઓ ઉજળી બનતા બજારોમાં તેજીની આશા વેપારીઓ વ્યક્ત કરી રહ્યા છે.૪૦૦ વ્યક્તિ સાથે સંગીત અને ડી.જે ના કાર્યક્રમો ને અગાઉથી લીલીઝંડી મળી છે જેના કારણે ખેલૈયાઓમાં ઉત્સાહ સ્વાભાવિક હોય પણ વેપારીઓ સારી ઘરાકી માટે વધુ આશાવાદી જણાય છે.

છેલ્લા દોઢ વર્ષ થી કોરોના ના કારણે ધંધા રોજગાર માં વેપારીઓને અસહ્ય ફટકો પડી રહ્યો છે. ઉત્તર ગુજરાતમાં તબક્કાવાર અનલોકની છુંટ છાટ પછી પણ અસંખ્ય ધંધા રોજગાર હજુ પાટે ચડ્યા નથી.સાતમ આઠમ ના તહેવારોમાં થોડી ઘણી તેજી બજારમાં જોવા મળી પણ હવે મોટી આશા નવરાત્રી ના તહેવાર ઉપર છે.હાલમાં સરકારે સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવા માટે ખાસ ગાઈડ લાઈન જાહેર કરી જેમાં રાત્રે ૧૨ વાગ્યા સુધી છુંટ આપવામાં આવતાં નવરાત્રી પર્વની ઉજવણી થઈ શકશે તેવી ઉજળી તક જોતાં વેપારી વર્ગ ખુશખુશાલ જણાય છે. ઉત્તર ગુજરાતના વેપારીઓ તો અત્યારથી નવરાત્રી ને ધ્યાનમાં રાખી માલ સ્ટોક કરવા લાગ્યા છે.નોરતાં પૂર્વે કેટલીક છુંટ આપવામાં આવી પણ શ્રાવણ અને ભાદરવા માસ માં યોજાતા લોકમેળા બંધ રહેતા અસંખ્ય ધંધાર્થી ઓને રોજગારી ગુમાવવાનો વારો આવ્યો પણ હવે આગામી નવરાત્રી પર્વમાં બજારોમાં નવી રોનક જોવા મળશે તેવું જણાઈ રહ્યું છે.

# બાયડ ટાઉનના જમાદાર ઉપર ફરીયાદ, રફેદફેના આરોપ

### ત્રિપલ તલાક જેવા સેન્સેટીવ મુદ્દામાં નબળી તપાસ : રેન્જ આઈ.જી. સુધી રજૂઆત થશે

બાયડ, તા. ૧૮

બાયડ પોલીસ સ્ટેશનમાં ટાઉન જમાદારો ફરીયાદ માત્ર કાગળ ઉપર લઈ પાછલા બારણે કેસ રફેદફેના આરોપ લાગ્યા છે. બાયડના કસ્બા વિસ્તારમાં ત્રિપલ તલાક જેવી ગંભીર ઘટનાની ફરીયાદ ૮ દિવસથી દબાવી રાખી કેસનું ફીડલું વાળવાની સાજીશ શરૂ થતાં પરણીતાએ રેન્જ આઈ.જી. સુધી રજૂઆત કરવાનો નિર્ણય કર્યો છે.

બાયડ પોલીસ સ્ટેશનની હદમાં દારૂ-જુગાર સહીત અસામાજીક પ્રવૃત્તિએ માજા મુકી છે. ટાઉનના બન્ને જમાદાર ખુલ્લેઆમ કાગળ ઉપરની અરજીમાં આરોપીઓ કાં તો અરજદારને ખંખેરવાનો ખેલ શરૂ થાય છે. વર્ષોથી ટાઉનમાં ચીટકી રહેલા બન્ને પોલીસકર્મીની બદલી કરવાની બાયડ ગામના યુવાનોએ માંગ કર્યા પછી પણ તેમને બદલવાના બદલે ફરીયાદીઓને હેરાન કરવાનો પરવાનો આપ્યા જેવી સ્થિતિ છે. તાજેતરમાં બાયડ ગામની પરણિતાને તેના પતિએ માનસિક ત્રાસ આપી તલ્લાક-તલ્લાક-તલ્લાક બોલી રવાના થઈ ગયો હતો અને આ અંગેની બાયડ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ પછી પણ માત્ર માનસિક ત્રાસનો ગુનો નોંધવાનું પાછલા બારણે સેટીંગ કર્યાની લોકચર્ચા છે. જેથી આ મામલો રેન્જ આઈ.જી. સુધી પહોંચી રહ્યો છે.

# જિલ્લામાં વતનપ્રેમ યોજના હેઠળ વિકાસકામોનું આયોજન : યોજનાના સફળ થવા અંગે સંદેહ

### ડેટા એન્ટ્રી માટે ઓનલાઈન કામગીરી શરૂ

બાયડ, તા. ૧૮

રાજ્ય કે દેશ બહાર વસતા લોકોને પોતાની માતૃભૂમિ પ્રત્યેનું ઋણ ચુકવવા માટે સરકાર દ્વારા વતનપ્રેમ યોજના અમલમાં મુકવામાં આવી છે. ત્યારે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વિકાસકામોના આયોજન માટે આ યોજનાની કામગીરી શરૂ કરવામાં આવી છે. યોજના હેઠળ ડેટાએન્ટ્રીની કામગીરી શરૂ થઈ છે પણ સફળતા અંગે સંદેહના વ્યક્ત કરવામાં આવી છે.

વતનપ્રેમ યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં શાળાના ઓરડા, સ્માર્ટક્લાસ, કમ્યુનિટી હોલ, પ્રા. આરોગ્ય કેન્દ્ર, વ્યાયામ શાળા, સી.સી.ટી.વી. કેમેરા, પાણીની ટાંકી સહિતના વગરે કામ કરી શકાશે. જેમાં ૬૦ ટકા દાતાઓ અને ૪૦ ટકા જેટલી રકમ રાજ્ય સરકાર આપે તેવા આશય સાથે સમગ્ર રાજ્ય સહિત જિલ્લામાં વતનપ્રેમ યોજના અમલમાં મુકવામાં આવી છે.

દરેક ગામમાં ખુટતી વ્યવસ્થાની ડેટાએન્ટ્રી વેબ પોર્ટલ પર મુકવામાં આવી પરંતુ વતનપ્રેમ યોજનાને રાજ્ય કે દેશ બહાર રહેતા લોકોનો સંપુર્ણ સહયોગ મળશે કે કેમ ? તે અંગે સંદેહ વ્યક્ત થઈ રહ્યો છે. ગામડાંની સંસ્થાઓમાં અઢળક દાન આપવા છતાં કેટલીક સંસ્થાઓનો વહીવટ ખાડે ગયો છે. ગ્રામ પંચાયતો સુવિધા આપવામાં નિષ્ફળ નિવડી છે તે સંજોગોમાં વતનપ્રેમ યોજનાને સફળ કરવા માટે જિલ્લા પંચાયત અને સંબંધિત તંત્રએ કવાયત આરંભી છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧



સ્વ. પ્રિતેશકુમાર જ્યંતિભાઈ પટેલ
(P.I. : સલામતી શાખા, નવાસચિવાલય-ગાંધીનગર)
સ્વ. તા.૧૯-૯-૨૦૨૦, શનિવાર
બાયડ, જિ.અરવલ્લી

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ
અશ્રુભીની શ્રદ્ધાંજલિ

દિવસ ગણતાં મહિના, મહિના ગણતાં વરસ વીતી ગયું, પણ આપની વિદાય માની શકાતી નથી, સદાય હસતો ચહેરો, માયાળુ સ્વભાવ, પરોપકારી ભાવના, દ્રઢ મનોબળ આપની યાદને સતત જીવંત કરે છે, અમારા જીવન પર્યંત આપની ખોટ અનુભવાશે જ...

પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

શોકાતૂર..
ગં.સ્વ.પિનલબેન પ્રિતેશકુમાર પટેલ, પત્નિ
જ્યંતિભાઈ કેશરભાઈ પટેલ, પિતા
ઈન્દીરાબેન જ્યંતિભાઈ પટેલ, માતા
અતુલભાઈ જ્યંતિભાઈ પટેલ, ભાઈ
મેઘનાબેન અતુલભાઈ પટેલ, ભાભી
વેદ પ્રિતેશકુમાર પટેલ, પુત્ર
નિષ્ઠા પ્રિતેશકુમાર પટેલ, પુત્રી
ઈશાંશ અતુલભાઈ પટેલ, ભત્રીજો
જાનવી અતુલભાઈ પટેલ, ભત્રીજી
તથા કેશરભાઈ ખાતુભાઈ પટેલ પરિવાર, બાયડ
બાયડ, જિ.અરવલ્લી